N.S.S. Annual Camp at Jethi village on the theme of Cashless and digital India.

લોકહૈયાનો ધબકાર... રખેવાળ ગુરૂવાર ૦૨ માર્ચ ૨૦૧૭

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢની એન.એસ.એસ. શિબિર યોજાઈ



તા.પ્રતિનિધિ અમીરગઢ

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને સેવાભાવના જાગૃત થાય તેવા ઉદ્દેશથી સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં રાષ્ટ્રિય સેવા યોજના યુનિટ કાર્યરત છે. જે અંતર્ગત વર્ષ દરમિયાન સ્વચ્છતા અભિયાન, એઈડ્સ જાગૃતિ, બેટી બચાવો, મતદાન જાગૃતિ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રતિવર્ષે આ યુનિટની સપ્તદિવસની એક વાર્ષિક શિબિર યોજાય છે. ચાલુ વર્ષે કેશલેસ અને ડિજીટલ ઈન્ડિયાની થીમ આધારિત સપ્ત દિવસીય વાર્ષિક શિબિર જેથી મુકામે યોજાઈ હતી. જેના ઉદઘાટન પ્રસંગે જેથી ગામના સરપંચ, ગામના અગ્રણીઓ, જેથી પ્રા.શાળાના આચાર્ય તથા કૉલેજના આચાર્ય અને શિબિરાર્થી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન ગ્રામસફાઈ, યોગ, બેટી વધાવો રેલી, એચ.આઈ.વી. ટેસ્ટ તથા એઈડ્સ જાગૃતિ અને ડિજીટલ ઈન્ડિયા વિશે વ્યાખ્યાન જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

આ શિબિરનું સમગ્ર આયોજન આચાર્ય નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રો.ઓફિસર નરેન્દ્રભાઈ રાવલે કર્યું હતું.

Scanned by CamScanner